# <u>ગુજરાત પોલીસ દળ વર્ગ-૩ માં સીધી ભરતી માટે માહિતી અને સૂચનાઓ.</u>

<u>૧...</u> ગુજરાત પોલીસ દળમાં વર્ગ-૩ ની જુદા-જુદા સંવર્ગની ખાલી જગ્યાઓ સીધી ભરતી થી ભરવા માટે પો.સ.ઇ. ભરતી બોર્ડ / લોક રક્ષક ભરતી બોર્ડ ધ્વારા ફકત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. **<u>કોન્સ્ટેબલ, એ.એસ.આઇ. અને પી.એસ.આઇ. કક્ષાની સંબંધિત જગ્યાના</u>** ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ લાયકાત પરીપૂર્ણ કરતા અને ઇચ્છા ધરવાતા ઉમેદવારોએ **<u>તા. ૨૧/૧૧/૨૦૧૪ (સ.ક. ૦૯.૦૦) થી તા. ૧૩/૧૨/૨૦૧૪ (રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી)</u>** દરમ્યાન ઇન્ટરનેટ પર http://ojas.guj.nic.in અથવા http://ojas1.guj.nic.in વેબ સાઇટ પર જઈ **<u>“પોલીસ ભરતીની જાહેરાત”</u>** ના પેઇજ પર જઇ ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતા પહેલાં ભરતી ને લગતી માહિતી અને સૂચનાઓ ઉક્ત વેબ સાઇટ પરથી પુરી કાળજી પુર્વક વાંચી લેવાની રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન અરજી કન્ફોર્મ થયા પછી તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે અને જયારે માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે. હાલ **<u>કોઇપણ કચેરીમાં ટપાલથી કે રૂબરૂમાં અરજીપત્રકો મોકલવાના રહેશે નહીં તેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.</u>**

<u>૨...</u> ઉમેદવારે સ્વયં અથવા ઇન્ટરનેટ જાણકારની મદદથી પોતાનો રંગીન<u> પાસપોર્ટ સાઇઝનો ફોટો ૧૫ કે.બી.</u> અને <u>સીગ્નેચર ૧૫ કે.બી. સાઇઝથી</u> વધે નહીં તે રીતે જેપીજી ફોર્મેટમાં સ્કેન કરી અરજી પત્રકમાં અપલોડ કરવાના રહેશે.

<u>૩...</u> આ ભરતી માટે ખાલી જગ્યાની વિગતો નીચે મુજબ છે.

| જગ્યાનું નામ | | | કુલ ખાલી જગ્યા | સામાન્ય કેટેગરી | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સા. અને શૈ.પ.વર્ગ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|
| ક | પોલીસ સબ ઇન્સ્પેકટર બિન હથિયારી | પુરુષ | ૩૩૫ | ૧૫૯ | ૨૩ | ૪૦ | ૧૧૩ | સીધી ભરતી/બઢતી /અન્ય કારણસર ખાલી પડેલ જગ્યાઓ |
| | | મહિલા | ૧૬૫ | ૭૯ | ૧૧ | ૧૯ | ૫૬ | |
| | | **કૂલ** | **૫૦૦** | **૨૩૮** | **૩૪** | **૫૯** | **૧૬૯** | |
| ખ | મદદનીશ પોલીસ સબ ઇન્સ્પેકટર બિન હથિયારી | પુરુષ | ૫૩૬ | ૨૭૩ | ૩૮ | ૮૦ | ૧૪૫ | |
| | | મહિલા | ૨૬૪ | ૧૩૫ | ૧૮ | ૪૦ | ૭૧ | |
| | | **કૂલ** | **૮૦૦** | **૪૦૮** | **૫૬** | **૧૨૦** | **૨૧૬** | |
| ગ | પોલીસ કોન્સ્ટેબલ બિન હથિયારી | પુરુષ | ૩૭૮૬ | ૧૯૩૧ | ૨૬૫ | ૫૬૮ | ૧૦૨૨ | |
| | | મહિલા | ૧૮૬૪ | ૯૫૧ | ૧૩૦ | ૨૮૦ | ૫૦૩ | |
| | | **કૂલ** | **૫૬૫૦** | **૨૮૮૨** | **૩૯૫** | **૮૪૮** | **૧૫૨૫** | |
| ઘ | પોલીસ કોન્સ્ટેબલ હથિયારી | પુરુષ | ૧૦૦૫ | ૫૧૩ | ૭૦ | ૧૫૧ | ૨૭૧ | |
| | | મહિલા | ૪૯૫ | ૨૫૨ | ૩૫ | ૭૪ | ૧૩૪ | |
| | | **કૂલ** | **૧૫૦૦** | **૭૬૫** | **૧૦૫** | **૨૨૫** | **૪૦૫** | |

**ખાસ નોંધઃ-**

(i) ઉપર દર્શાવેલ ખાલી જગ્યાઓની સંખ્યામાં ફેરફાર જરૂરી બનશે તો તે કરવાનો હકક સરકારનો રહેશે અને તે ઉમેદવારોને સ્વીકાર્ય રહેશે.

(ii) ભરતીથી પસંદ થનાર તમામ ઉમેદવારોની નીમણુંક પ્રર્વતમાન નિયમો / પરીક્ષા નિયમો તથા નીતિ વિષયક હુકમો/નિયમોને અનુલક્ષીને કરવામાં આવશે અને તે તમામ જોગવાઇઓ ઉમેદવારને બંધન કર્તા રહેશે.(નિયમો/ઠરાવો/પરિપત્રો ગુજરાત સરકારશ્રીના ગૃહવિભાગની ઇન્ટરનેટ પર http://home.gujarat.gov.in વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.

(iii) તમામ જગ્યાઓ માટે વય-મર્યાદા, શૈક્ષણિક લાયકાત, નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ NCC “C” સર્ટી., રક્ષા શકિત યુનીર્વસીટીનું પ્રમાણપત્ર, સીધી ભરતી થવા માટેની વધારાની તમામ લાયકાત **તા.૧૩/૧૨/૨૦૧૪** નારોજની ગણવાની રહેશે **અને તમામ પ્રકારના સર્ટીફિકેટ તા.૧૩/૧૨/૨૦૧૪ સુધીમાં ઇશ્યુ થયેલા હોવા જોઇએ.**

| **જગ્યાનું નામ** | | **વય-મર્યાદા** | **શૈક્ષણિક લાયકાત** |
|---|---|---|---|
| ક | પોલીસ સબ ઇન્સ્પેકટર બિન હથિયારી | લઘુત્તમ-૨૧ વર્ષ મહત્તમ ૩૦ વર્ષ | માન્ય યુનિ.ની સ્નાતક ડિગ્રી અથવા કાયદાથી સ્થાપિત માન્ય સંસ્થાની ડિગ્રી અથવા યુનિ.ગ્રાન્ટ કમિશન એકટ-૧૯૫૬ ના સેકશન-૩ હેઠળની ડીમ્ડ યુનિ.ની ડિગ્રી અથવા સરકારે આથી સમકક્ષ જાહેર કરેલ ડિગ્રી ધરાવતા હોવા જોઇએ. |
| ખ | મદદનીશ પોલીસ સબ ઇન્સ્પેકટર બિન હથિયારી | લઘુત્તમ-૨૦ વર્ષ મહત્તમ ૩૦ વર્ષ | ઉપર મુજબ |
| ગ | પોલીસ કોન્સ્ટેબલ બિન હથિયારી | લઘુત્તમ-૧૮ વર્ષ મહત્તમ ૨૮ વર્ષ | ધોરણ ૧૨ પાસ હાયર સેકન્ડરી પરીક્ષા અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ હોવા જોઇએ. |
| ઘ | પોલીસ કોન્સ્ટેબલ હથિયારી | લઘુત્તમ-૧૮ વર્ષ મહત્તમ ૨૮ વર્ષ | ઉપર મુજબ |

**નોંધઃ- ઉપર દર્શાવેલ મહત્તમ વય-મર્યાદામાં નીચે જણાવેલ કેટેગીરીના ઉમેદવારોને જણાવ્યા મુજબની વધુ છુટ-છાટ મળશે.**

(i) અનુસુચિત જાતિ/જનજાતિ/સા.અને શૈ.પછાત ઉમેદવારોને **પાંચ** વર્ષની છૂટ.

(ii) તમામ મહિલા ઉમેદવારોને **પાંચ** વર્ષની છુટ.

(iii) એક્ષ સર્વિસમેનને કરેલ સેવાના સંદર્ભે નિયમાનુસાર મળવાપાત્ર છુટ (નિયમઃ ગુ.રા.સેવા (માજી સૈનિકો માટે અનામત) નિયમો-૧૯૭૫).

(iv) રાજયના પોલીસ દળમાં **કોન્સ્ટેબલ / હેડ કોન્સ્ટેબલ /એ.એસ.આઇ. / અન્ય કોન્સ્ટેબ્યુલરી** તરીકે હાલ સેવા બજાવી રહેલા ઉમેદવારોને **પી.એસ.આઇ. (અનાર્મ્ડ)** ની જગ્યા માટે ઉપલી વયમાં વધારે **ત્રણ** વર્ષની છુટ મળશે.

(v) રાજયના પોલીસ દળમાં **કોન્સ્ટેબલ / હેડ કોન્સ્ટેબલ** તરીકે હાલ સેવા બજાવી રહેલા ઉમેદવારોને **એ.એસ.આઇ. (અનાર્મ્ડ)** ની જગ્યા માટે ઉપલી વયમાં વધારે **ત્રણ** વર્ષની છુટ મળશે.

(vi) **કોમ્પ્યુટર જ્ઞાનઃ** તમામ ઉમેદવારોએ ગુજરાત સીવીલ સર્વીસીસ (કમ્પ્યુટર કમ્પીટન્સી) રૂલ્સ ૨૦૦૬ની જોગવાઇ અને સુચનાઓ મુજબ સી.સી.સી. (સર્ટીફિકેટ ઓન કોમ્પ્યુટર કન્સેપ્ટ) નું માન્ય પ્રમાણપત્ર અરજી સમયે અથવા પસંદગી પછી તાલીમ પુરી થાય તે દરમિયાનમાં ધરાવતા હોવું જોઇએ.

(vii) તમામ ઉમેદવારો ભરતી નિયમો મુજબ ગુજરાતી અને હિન્દી ભાષાનું જરૂરી જ્ઞાન ધરાવતા હોવા જોઇએ. તેમજ ભારતનું નાગરિકત્વ, શારીરિક યોગ્યતા અને સારા ચારિત્ર્ય અંગેની ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇઓ ઉમેદવારોએ પરિપૂર્ણ કરવાની રહેશે.

(viii) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ તે જ્ઞાતિના મળવા પાત્ર લાભ લેવા માટે નાણાંકીય વર્ષ **૨૦૧૩-૧૪** નું **(તા.૦૧/૦૪/૨૦૧૪ થી તા. ૧૩/૧૨/૨૦૧૪ દરમ્યાન મેળવેલ હોય તેવુ)** નોન-ક્રીમીલેયરનું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવી લેવાનું રહેશે અને મેળવેલ પ્રમાણપત્ર માંગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે. અન્યથા અનામતનો લાભ મળવાપાત્ર રહેશે નહીં.

(ix) માજી સૈનિકો (એકસ સર્વિસમેન) માટેની ૧૦% જગ્યાઓ અનામત હશે અને તે ઇન્ટરલોકયુટરી અનામત ગણવામાં આવશે.

(x) સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૧/૦૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ-૨માં કરેલ જોગવાઇ મુજબ રમતવિરોને નિયમોનુસાર જે-તે તબકકે ગુણભાર આપવામાં આવશે.

(xi) સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા. ૩૧/૦૮/૨૦૦૪ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨માં કરેલ જોગવાઇ મુજબ વિધવા મહિલા ઉમેદવારોને નિયમોનુસાર જે-તે તબકકે ગુણભાર આપવામાં આવશે.

**૪....શારીરિક ધોરણોઃ-**

| | **આ તમામ જગ્યાઓ માટે નીચેના શારીરિક ધોરણો ઉમેદવારો સંતોષતા હોવા જોઇએ.** | | | |
|---|---|---|---|---|
| **ઉંચાઇ** | (ક) | પુરુષ ઉમેદવારો | લધુત્તમ-૧૬૫ સે.મી. | મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે |
| | (ખ) | પુરુષ ઉમેદવારો | લધુત્તમ-૧૬૨ સે.મી. | મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો માટે |
| | (ગ) | મહિલા ઉમેદવારો પો.સ.ઇ./એ.એસ.આઇ. માટે | લધુત્તમ-૧૫૮ સે.મી. | મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે |
| | (ઘ) | મહિલા ઉમેદવારો પો.સ.ઇ./એ.એસ.આઇ. માટે | લધુત્તમ-૧૫૬ સે.મી. | મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો માટે |
| | (ચ) | મહિલા ઉમેદવારો લોકરક્ષક માટે | લધુત્તમ-૧૫૫ સે.મી. | મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે |
| | (છ) | મહિલા ઉમેદવારો લોકરક્ષક માટે | લધુત્તમ-૧૫૦ સે.મી. | મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો માટે |

| | |
|---|---|
| છાતી | ફકત પુરૂષ ઉમેદવારો (તમામ) માટે જરૂરી |
| | કુલાવ્યા વગરની ૭૯ સે.મી. લઘુત્તમ હોવી જોઇએ.<br>કુલાવેલી ૮૪ સે.મી. લઘુત્તમ હોવી જોઇએ.<br>(૫ સે.મી. નો કુલાવો અનિયાર્ય છે) |
| વજન | પુરૂષ ઉમેદવારો માટે ૫૦ કિ.ગ્રા. વજન ઓછામાં ઓછુ હોવુ જોઇએ. |
| | મહિલા ઉમેદવારો માટે ૪૦ કિ.ગ્રા. વજન ઓછામાં ઓછુ હોવુ જોઇએ. |

**શારીરિક કસોટી :-**

આ કસોટીના ગુણ અપાશે નહીં તે કવોલીફાઇગ ટેસ્ટ હોઇ, આ ટેસ્ટ નિયત સમય મર્યદામાં પાસ કરનારને જ લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

| | | | | |
|---|---|---|---|---|
| | | તમામ જગ્યાઓ માટે નીચે પ્રમાણે **એક જ સંયુકત શારીરિક** કસોટી યોજાશે. | | |
| દોડ | પુરુષ | (ક) | (૧) ૮૦૦ મીટર દોડ | (૧) ૩ મીનીટ અને ૧૦ સેકંડ માં દોડ પુરી કરવાની રહેશે. (આ દોડ નિયમાનુસાર પૂરી કરનાર પુરુષ ઉમેદવાર જ ૫ કી.મી. દોડમાં ભાગ લેશે.) |
| | | | (૨) ૫ કિ.મી. | (૨) વધુમાં વધુ ૨૫ મિનિટમાં તમામ પુરૂષ ઉમેદવારોએ દોડ પુરી કરવાની રહેશે. |
| | મહિલા | (ખ) | ૧૬૦૦ મીટર | વધુમાં વધુ ૯ મિનિટ અને ૩૦ સેકન્ડમાં તમામ મહિલા ઉમેદવારોએ દોડ પુરી કરવાની રહેશે. |
| | એકસ સર્વિસ મેન | (ગ) | ૨૪૦૦ મીટર | વધુમાં વધુ ૧૨ મીનીટ ૩૦ સેકન્ડમાં આ દોડ પુરી કરવાની રહેશે. આ ટેસ્ટ ફકત તમામ એકસ સર્વિસમેન માટે રહેશે. |

૫......... લેખિત પરીક્ષા:-

**(એ) પોલીસ સબ ઇન્સ્પકેરટ બિન હથિયારી કક્ષાની જગ્યા માટે**

**ચાર પ્રશ્નપત્રોની હેતુલક્ષી (ઓબ્જેક્ટિવ) ટાઇપ પરીક્ષા નીચે પ્રમાણે રેહશે.**

| | | |
|---|---|---|
| | પ્રશ્નપત્ર-૧ | ગુજરાતી ભાષા કુલ-૭૫ ગુણ સમય- ૨-કલાક હેતુલક્ષી **(ઓબ્જેક્ટિવ) ટાઇપ** (પ્રશ્નોમાં વ્યાકરણ, મૌખિક ક્ષમતા, રૂઢીપ્રયોગો, શબ્દ કોષ, કોમ્પ્રીહેન્શન વિગેરેનો સમાવેશ થશે.) |
| | પ્રશ્નપત્ર-૨ | અંગેજી ભાષા કુલ- ૭૫ ગુણ સમય- ૨-કલાક **(Questions shall be objective type which will cover Grammar, Verbal aptitude, Vocabulary, Idioms, Comprehension etc,)** |
| | પ્રશ્નપત્ર-૩ | સામાન્ય જ્ઞાન (વર્તમાન પ્રવાહો અને મનોવૈજ્ઞાનિક બાબતો) |
| | | હેતુલક્ષી **(ઓબજેકટીવ) કસોટી** ૧૦૦ ગુણ સમય-૨ કલાક |
| | પ્રશ્નપત્ર-૪ | કાયદાકીય બાબતો હેતુલક્ષી (**ઓબજેકટીવ કસોટી**) ૧૦૦ ગુણ – સમય-૨ કલાક |
| | | આ પ્રશ્નપત્રમાં નીચેના કાયદાને લગતા સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પુછવામાં આવશે. |
| | | (૧) ભારતનું બંધારણ (૨) ક્રીમીનલ પ્રોસીજર કોડ- ૧૯૭૩ (૩) ઇન્ડીયન પીનલ કોડ- ૧૮૬૦ (૪) એવીડન્સ એકટ- ૧૮૭૨ (૫) ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧ (૬) ગુજરાત |

| | | |
|---|---|---|
| | | પ્રોહીબીશન એક્ટ- ૧૯૪૯ (૭) ભ્રષ્ટાચાર નાબૂદી અધિનિયમ-૧૯૮૮ (૮) અનુજાતિ/અનુ.જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારો-૧૯૮૯ (૯) મોટર વાહન અધિનિયમ-૧૯૮૮. |

**નોંધઃ-** (i) **તમામ પ્રશ્નપત્રો** હેતુલક્ષી (ઓબજેકટીવ) પ્રકારના રહેશે. દરેક પ્રશ્નના ચાર વિકલ્પમાંથી એક સાચો જવાબ પસંદ કરવાનો રહેશે. ઓ.એમ.આર. શીટથી જવાબો ચકાસવામાં આવશે.

(ii) પ્રશ્નપત્ર-૧ ગુજરાતી અને પ્રશ્નપત્ર-૨ અંગ્રેજીનું ધોરણ ઉચ્ચતર માધ્યમિક શાળા (HSC) લેવલનું રહેશે.

(બી) **મદદનીશ પોલીસ સબ ઇન્સ્પકેરટ બિન હથિયારી** કક્ષાની જગ્યા માટે

**ચાર પ્રશ્નપત્રોની હેતુલક્ષી (ઓબ્જેક્ટિવ) ટાઇપ પરીક્ષા નીચે પ્રમાણે રેહશે.**

| | | |
|---|---|---|
| | પ્રશ્નપત્ર-૧ | ગુજરાતી ભાષા કુલ-૭૫ ગુણ સમય- ૨-કલાક હેતુલક્ષી **(ઓબ્જેક્ટિવ) ટાઇપ** (પ્રશ્નોમાં વ્યાકરણ, મૌખિક ક્ષમતા, રૂઢીપ્રયોગો, શબ્દ કોષ, કોમ્પ્રીહેન્શન વિગેરેનો સમાવેશ થશે.) |
| | પ્રશ્નપત્ર-૨ | અંગેજી ભાષા કુલ- ૭૫ ગુણ સમય- ૨-કલાક **(Questions shall be objective type which will cover Grammar, Verbal aptitude, Vocabulary, Idioms, Comprehension etc,)** |
| | પ્રશ્નપત્ર-૩ | સામાન્ય જ્ઞાન (વર્તમાન પ્રવાહો અને મનોવૈજ્ઞાનિક બાબતો) |
| | | હેતુલક્ષી **(ઓબજેકટીવ) કસોટી** ૧૦૦ ગુણ સમય-૨ કલાક |
| | પ્રશ્નપત્ર-૪ | કાયદાકીય બાબતો હેતુલક્ષી (**ઓબજેકટીવ કસોટી**) ૧૦૦ ગુણ – સમય-૨ કલાક |
| | | આ પ્રશ્નપત્રમાં નીચેના કાયદાને લગતા સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પુછવામાં આવશે. |
| | | (૧) ભારતનું બંધારણ (૨) ક્રીમીનલ પ્રોસીજર કોડ- ૧૯૭૩<br>(૩) ઇન્ડીયન પીનલ કોડ- ૧૮૬૦ (૪) એવીડન્સ એકટ- ૧૮૭૨. |

**નોંધઃ-** (i) **તમામ પ્રશ્નપત્રો** હેતુલક્ષી (ઓબજેકટીવ) પ્રકારના રહેશે. દરેક પ્રશ્નના ચાર વિકલ્પમાંથી એક સાચો જવાબ પસંદ કરવાનો રહેશે. ઓ.એમ.આર. શીટથી જવાબો ચકાસવામાં આવશે.

(ii) પ્રશ્નપત્ર-૧ ગુજરાતી અને પ્રશ્નપત્ર-૨ અંગ્રેજીનું ધોરણ ઉચ્ચતર માધ્યમિક શાળા (HSC) લેવલનું રહેશે.

વિશેષ નોંધઃ

**પોલીસ સબ ઇન્સપેકટર, બિન હથિયારી અને મદદનીશ પોલીસ સબ ઇન્સપેકટર, બિન હથિયારીની લેખિત પરીક્ષામાં પ્રશ્નપત્ર-૧, પ્રશ્નપત્ર-૨ અને પ્રશ્નપત્ર-૩ એક સરખા, સમય પણ સરખો અને ગુણભાર પણ સરખો જ હોવાથી એક જ લેખિત પરીક્ષા લેવામાં આવશે. જયારે પ્રશ્નપત્ર-૪ જુદા હોવાથી પ્રશ્નપત્ર-૪ ની અલગ-અલગ લેખિત પરીક્ષા લેવામાં આવશે.**

બિન હથિયારી પો.સ.ઇ. અને બિન હથિયારી એ.એસ.આઇ.ના કિસ્સામાં લેખિત પરીક્ષા થયા બાદ રમતવીરોને (સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૧/૦૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ-૨માં કરેલ જોગવાઇ મુજબ) તથા વિધવાને (સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા. ૩૧/૦૮/૨૦૦૪ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨માં કરેલ જોગવાઇ મુજબ) મળવાપાત્ર ગુણ ઉમેરો કરી ખાલી જગ્યાઓના ત્રણ ગણા જેટલા ઉમેદવારો મૌખિક ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે.

(સી) <u>કોન્સ્ટેબલ (લોકરક્ષક) બિન હથિયારી / હથિયારી કક્ષાની જગ્યાઓ માટેની લેખિત પરીક્ષાઃ</u>

આ લેખિત પરીક્ષા **૧૦૦** માર્ક્સ ના એક હેતુલક્ષી (**<u>ઓબજેકટીવ</u>**) પ્રશ્નપત્ર મા લેવાશે. સમય એક કલાક નો રહેશે.સામાન્ય જ્ઞાન ને લગતા આ પ્રશ્ન પત્રમાં સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહો, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, સમાજ શાસ્ત્ર, વિજ્ઞાન તેમજ ભારતનું બંધારણ, ક્રીમીનલ પ્રોસીજર કોડ- ૧૯૭૩, ઇન્ડીયન પીનલ કોડ- ૧૮૬૦ અને એવીડન્સ એકટ- ૧૮૭૨ ને લગતા પ્રાથમિક પ્રકારના પ્રશ્નો આવરી લેવાશે.

(i) એન.સી.સી. નું સી સર્ટીફિકેટ ધરાવનાર ઉમેદવારોને વધારાના બે ગુણ આપવામાં આવશે.

(ii) સરકારશ્રી ગૃહવિભાગના તા.૦૭/૦૭/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ જીજી/જીયુજે/૩૪/એમએચકે/૧૦૧૦/ ૧૩૯૩/સી માં કરેલ જોગવાઇ મુજબ રક્ષા શકિત યુનિર્વસિટી ધ્વારા અપાતા પ્રમાણપત્ર મેળવેલ હશે તેમને લોકરક્ષક કેડરમાં નિયમોનુસાર વધુ ગુણ આપવામાં આવશે.

(iii) લેખિત પરીક્ષા, NCC "C" સર્ટી., રક્ષા શિકત યુનિર્વસીટીના પ્રમાણપત્ર અને રમત- ગમતના (સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૧/૦૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૧૩/ ૨૪૨૭૯૨/ગ-૨માં કરેલ જોગવાઇ મુજબ) તથા વિધવાને (સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા. ૩૧/૦૮/૨૦૦૪ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨માં કરેલ જોગવાઇ મુજબ) મળવાપાત્ર વધારાના ગુણોને ધ્યાનમાં લઇ લોકરક્ષકની આખરી પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

**કોન્સ્ટેબલ ની જગ્યાઓ માટે મૌખિક ઇન્ટરવ્યુ રહેશે નહી. પરંતુ દરસ્તાવેજોની ચકાસણી માટે બોલાવવામાં આવશે.**

<u>૬. ઇન્ટરવ્યુ</u>

**પોલીસ સબ ઇન્સ્પેકટર બિન હથિયારી માટે ૫૦ ગુણનું અને મદદનીશ સબ ઇન્સપેકટર બિન હથિયારી માટે ૧૫ ગુણનું ઇન્ટરવ્યુ રહેશે.. (જે બંન્ને મૌખિક ઇન્ટરવ્યુ અલગ-અલગ લેવામાં આવશે)**

(અ) ઇન્ટરવ્યુમાં ઉમેદવારની એકંદરે ક્ષમતા ચકાસવામાં આવશે જેમાં સામાન્ય જ્ઞાન / વર્તમાન પ્રવાહો/ બુધ્ધિક્ષમતા / મનોવૈજ્ઞાનિક વિશ્લેક્ષણ ક્ષમતા અને પ્રશ્નપત્ર-૪ માં દર્શાવેલ કાયદાઓ બાબતના પ્રાથમિક જ્ઞાનને લગતા વિષયો લક્ષમાં લેવાશે.

(બ) **વિશેષ ગુણ ભારાંકઃ-**

દરેક ઉમેદવારને પોલીસ સબ ઇન્સ્પેકરટ બિન હથિયારીના ઇન્ટરવ્યુના ૫૦ ગુણમાંથી અને મદદનીશ પોલીસ સબ ઇન્સ્પેકટર બિન હથિયારીના ઇન્ટરવ્યુના ૧૫ ગુણમાંથી ઇન્ટરવ્યુ કમિટિને યોગ્ય લાગે તેટલા ગુણ આપવામાં આવશે ત્યાર બાદ વધારામાં નીચે મુજબના વિશેષ ગુણ મળવાપાત્ર થશે.

(i) એન.સી.સી. નું સી સર્ટીફીકેટ ધરાવનાર ઉમેદવારોને વધારાના **બે** ગુણ આપવામાં આવશે.

(ii) સરકારશ્રી ગૃહવિભાગના તા.૦૭/૦૭/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ જીજી/જીયુજે/૩૫/એમએચકે/ ૧૦૨૦૧૦/૩૩૫/સી માં કરેલ જોગવાઇ મુજબ રક્ષા શકિત યુનિર્વસિટી ધ્વારા અપાતા પ્રમાણપત્ર મેળવેલ હશે તેમને પોલીસ સબ ઇન્સ્પેકટર બિન હથિયારીમાં નિયમોનુસાર વધુ ગુણ આપવામાં આવશે.

(iii) સરકારશ્રી ગૃહવિભાગના તા.૨૫/૦૯/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ જીજી/જીયુજે/૮૪/૨૦૧૪/ એમએચકે/૧૦૨૦૧૩/૩૮૯૫/સી માં કરેલ જોગવાઇ મુજબ રક્ષા શકિત યુનિર્વસિટી ધ્વારા અપાતા પ્રમાણપત્ર મેળવેલ હશે તેમને મદદનીશ પોલીસ સબ ઇન્સ્પેકટર બિન હથિયારીમાં નિયમોનુસાર વધુ ગુણ આપવામાં આવશે.

(ક) લેખિત પરીક્ષા અને ઇંટરવ્યુ માં મેળવેલ ગુણ, એન.સી.સી. ના મળવાપાત્ર હોય તો બે ગુણ તથા રક્ષા શક્તિ યુનિવર્સિટી પ્રમાણપત્રના વધારાના ગુણ તથા વિધવાને (સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા. ૩૧/૦૮/૨૦૦૪ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨માં કરેલ જોગવાઇ મુજબ) વધારાના ગુણ લક્ષમાં લઇને પોલીસ સબ ઇન્સ્પકેટર બિન હથિયારી / મદદનીશ પોલીસ સબ ઇન્સ્પેકટર બિન હથિયારી સંવર્ગની આખરી પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

**<u>જરૂરી સુચનાઓઃ-</u>**

(i) ઉમેદવારોના મેરીટ (ગુણાનું ક્રમ) લેખીત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણ વત્તા, ઇન્ટરવ્યુના મેળવેલ ગુણ (પો.સ.ઇ./એ.એસ.આઇ. માટે), વત્તા એન.સી.સી. ના ગુણ વત્તા રક્ષા શકિતના પ્રમાણપત્ર માટે મળતા ગુણ વત્તા વિધવાને (સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા. ૩૧/૦૮/૨૦૦૪ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/ ૧૦૯૬/ ૨૨૧૩/ગ-૨માં કરેલ જોગવાઇ મુજબ) એ તમામના કુલ ગુણને લક્ષમાં લઇ નકકી કરવામાં આવશે.

(ii) અનુ.જાતિ/જનજાતિ/સા.શૈ.પ.વર્ગ, માજી સૈનિકની અનામત જેટલા પુરતા ઉમેદવારો ઉપલબ્ધ નહીં થતા હોય તો તેવી અનામત કેટેગરીના ઉમેદવારો માટે ગુણાનુક્રમનું ધોરણ ભરતી બોર્ડ સ્વવિવેકાનુસાર, પ્રવર્તમાન નિયમો મુજબ વાજબી રીતે ઘટાડી શકશે.

(iii) ઉમેદવારોએ અમલમાં હોય તેવા સરકારના નિયમો/હુકમો મુજબ હિન્દી/ગુજરાતી/અંગ્રેજી ભાષાની તાલીમ/અન્ય ખાતાકીય તાલીમ/પૂર્વસેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા આપવાની રહેશે.

(iv) પસંદગી પામેલા ઉમેદવારો પ્રવર્તમાન હુકમો મુજબ પ્રથમ પાંચ વર્ષની કરાર આધારિત અવધિ માટે ફિકસ્ડ માસિક વેતનથી કરારની શરતો મુજબ નિમણૂંક મેળવશે. કરારને અંતે સંતોષકારક સેવા પુર્ણ કરનારને નિયમિત રીતે મળવાપાત્ર પગાર ધોરણમાં નીમણુંક આપવામાં આવશે.

(v) કોન્સ્ટેબલ સંવર્ગમાં કરારના સમયગાળા દરમ્યાન માસિક રૂ. ૭,૮૦૦/- ના એક્ત્રિત વેતનથી “લોકરક્ષક” તરીકે (કરાર સમય બાદ કોંસ્ટેબલ તરીકે), પો.સ.ઇ. માં કરારના સમયગાળા દરમ્યાન માસિક રૂ. ૧૩,૭૦૦/- નો ફિકસ્ડ પગાર અને એ.એસ.આઇ.માં કરારના સમયગાળા દરમ્યાન માસિક રૂ.૭,૮૦૦/- નો ફિકસ્ડ પગાર જ મળવાપાત્ર થશે.

(vi) કોન્સ્ટેબલ સંવર્ગની જગ્યાઓમાં નીચેની જગ્યાઓમાં નીમણુંક મળવાપાત્ર થશે.

(૧) પોલીસ કોન્સ્ટેબલ (અનાર્મ્ડ)

(૨) પોલીસ કોન્સ્ટેબલ (આર્મ્ડ)

કોન્સ્ટેબલ સંવર્ગની જગ્યાઓ ના ઉમેદવારોએ લેખીત પરીક્ષાના કોલ લેટર ઓન લાઇન ડાઉનલોડ કરતા પહેલા, આ બે સંવર્ગમાંથી જે જગ્યામાં નીમણુંક ઇચ્છતા હોય તેનો **<u>પસંદગી ક્રમ</u>** અચૂક નોંધાવવો પડશે. જો મેરીટ મેળવતા હશે તો આ પસંદગીક્રમ મુજબ નીમણુંક અપાશે અને તે ઉમેદવારને બંધનકર્તા રહેશે.

(vii) નીમણુંક પામનાર તમામ ઉમેદવારોને પ્રવર્તમાન નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પડશે.

(viii) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો કોઇપણ તબકકે ખોટી માલુમ પડશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે

(ix) જાહેરાત કોઇપણ કારણોસર રદ / ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાના બોર્ડનો સંપૂર્ણ હકક અને અધિકાર રહેશે. બોર્ડ આ માટે કારણો આપવા બંધાયેલ નથી.

(x) ઓનલાઇન એપ્લીકેશન સ્વીકારવાની મુદત પૂર્ણ થયા બાદ આગામી ભરતી પ્રક્રિયા જેવી કે શારિરીક ક્ષમતા કસોટી / શારિરીક માપ કસોટીની માહિતી, લેખિત પરીક્ષાની માહિતી, મૌખિક ઇન્ટરવ્યુ અંગેની માહિતી તથા અન્ય જરૂરી માહિતી વખતો વખત http://ojas.guj.nic.in અથવા http://ojas1.guj.nic.in વેબ સાઇટ ઉપર મૂકવામાં આવશે. જેથી તે અંગે માહિતગાર રહેવાનું રહેશે.

(xi) <u>એક ઉમેદવાર એક અરજી (No Multiple Application)</u>

(a) એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. તેમ છતાં, એકથી વધુ અરજી (Multiple Application) ના કિસ્સામાં ફી સહિત સર્વ રીતે યોગ્ય રીતે ભરેલી અરજીઓ પૈકી સૌથી છેલ્લી કન્ફર્મ થયેલી એક જ અરજી માન્ય ગણાશે. તે સિવાયની બધી અરજીઓ રદ થશે. અને ભરેલ ફી નાણાં પરત મળશે નહીં.

(b) એક કરતા વધારે અરજી કરવામાં આવશે તો, (Multiple Application) ફી ભરેલી અરજી સાથેની ફી ને, ફી નહીં ભરેલી અન્ય અરજી સામે ગણવામાં આવશે નહીં.

(c) જે ઉમેદવારે ફી ભરવાની થતી નથી તેવા ઉમેદવારોની સૌથી છેલ્લી અરજી (ફી સાથે કે ફી વગર) માન્ય ગણવામાં આવશે. અને તે સિવાયની બધી અરજીઓ રદ ગણવામાં આવશે.

(xii) મહિલાઓ અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો કેટેગરીના ઉમેદવારો માટે ગુણાનુક્રમનું ધોરણ ભરતી બોર્ડ સ્વવિવેકાનુસાર, પ્રવર્તમાન નિયમો મુજબ વાજબી રીતે ઘટાડી શકશે. તેમ છતાં ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા સંબંધિત કેટેગીરી (જનરલ, એસ.સી., એસ.ટી., એસ.ઇ.બી.સી.) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

(xiii) માજી સૈનિક માટે નિયમાનુસાર ૧૦% જગ્યા ઇન્ટરલોકયુટરી અનામત છે. માજી સૈનિક કેટેગીરીમાં પસંદ થયેલ ઉમેવારોને તેઓની સંબંધિત જે તે કેટેગીરી (જનરલ, એસ.સી., એસ.ટી., એસ.ઇ.બી.સી.) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા જે-તે કેટેગીરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.

(xiv) માજી સૈનિક માટે (THE GUJARAT CIVIL SERVICES (RESERVATION OF VACANCIES FOR EX-SERVICEMEN IN CLASS III AND CLASS IV POST AND SERVICE RULES, 1975) માં કરેલ જોગવાઇ મુજબ સળંગ છ માસથી ઓછી ફરજ બજાવેલ ન હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની ઉંમરમાંથી બાદ કરતા મળતી ઉંમર, ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતા વધવી જોઇએ નહીં.

(xv) શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ (કેટેગીરી-SC,ST,SEBC), માજી સૈનિક, SEBC માટે નોન ક્રિમિલેયર સર્ટીફિકેટ, NCC "C" સર્ટી., રક્ષા શકિતનું પ્રમાણપત્ર, સ્પોર્ટસ,

વિધવા અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઇન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ બોર્ડ માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્ષ નકલો સહીત) રજુ કરવાના રહેશે. એવા પુરાવા રજુ નહીં કરી શકનાર ઉમેદવારનું અરજીપત્રક જે-તે તબકકેથી "રદ" કરવાપાત્ર થશે. તેમજ ભરતી પ્રક્રિયામાં કોઇપણ ભુલને કારણે ઉમેદવારની પસંદગી થયેલ હશે તો તે ભુલ ધ્યાને આવતા ઉમેદવારની પસંદગી રદ કરવામાં આવશે.

(xvi) અરજદારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગીરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતો પાછળથી બદલવાની રજૂઆત ગ્રાહય રાખવામાં આવશે નહીં. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ કેટેગીરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતો અને ઉમેદવારની ખરેખર કેટેગીરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતોમાં તફાવત પડશે તો, તેવી અરજી રદ કરવાપાત્ર થશે.

(xvii) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર દર્શાવે તે જ નંબર ચાલુ રાખવો. ભવિષ્યમાં બોર્ડ તરફથી આ ભરતી પ્રક્રિયાને સંબંધિત સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઇલ પર **SMS** થી મોકલવામાં આવશે તેથી દર્શાવેલ મોબાઇલ નંબર બદલવો નહીં.

(xviii) ભરતી પ્રક્રિયા માટે પરવાનગી આપતા તેવા પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સુચનનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થશે તે ઉપરાંત –

(ક) ભરતી બોર્ડ, તે ઉમેદવારને ગેરલાયક ઠરાવી શકશે, અથવા

(ખ) (૧) ભરતી બોર્ડ સીધી પસંદગી માટે લેવાની કોઇપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઇપણ રૂબરૂ મુલાકાતમાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા

(૨) રાજય સરકાર, પોતાના હેઠળની કોઇપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે ગેરલાયક / બાકાત કરી શકશે.

(xix) ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ ધ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

(xx) નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર ઉદાહરણ સ્વરૂપે છે. જે સંપૂર્ણ નથી)

(a) ઓનલાઇન મુસદદા મુજબ અરજી કરેલ ન હોય.

(b) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(c) અરજીમાં ઉમેદવારે સહી કે રંગીન પાસપોર્ટ સાઇઝનો સુચવેલ ફોર્મેટમાં ફોટો અપલોડ

કરેલ ન હોય.

(d) અરજી ફેકસ થી, ઇ-મેઇલ થી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય.

(e) ઉમેદવારે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

(f) અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જન જાતિ (ST), સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ (SEBC) તેમજ માજી સૈનિકના આધારે ઉમેદવારી નોંધાયેલ હોય તે અંગેનું પ્રમાણપત્ર ધરાવતા ન હોય.

(g) સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ (SEBC)ના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ના હોવા અંગેનું (નોન-ક્રિમિલીયર) જણાવેલ પ્રમાણપત્ર ધરાવતા ન હોય.

(xxi) જાહેરાત/સુચનાઓમાં જે ઠરાવો/નિયમો/પરીપત્રોનો ઉલ્લેખ કરેલ છે તેમાં વખતો-વખતના સુધારા પણ ધ્યાને લેવાના રહેશે.

(xxii) જાહેરાત/સુચનાઓના અર્થઘટન અંગે કોઇ વાદ-વિવાદ ઉભો થાય તો તે અંગે જે-તે બોર્ડનો આખરી નિર્ણય અરજદારે માન્ય રાખવાનો રહેશે.

૭...... **અરજી પત્રક ભરવા સુચના:-**

(i) તમામ જગ્યાઓ માટે ફકત ઓનલાઇન અરજી કરવાની રહેશે. http://ojas.guj.nic.in અથવા http://ojas1.guj.nic.in વેબ સાઇટનો ઉપયોગ કરવો. **રાજ્યના કોઇ પણ સ્થળે સાયબર કાફે / ઇંટરનેટ સુવિધા (સ્કેનર અને પ્રીન્ટર સાથે)ની હોય ત્યાં અથવા કોઇપણ સરકારી પોસ્ટ ઓફિસ જયાં આ સગવડ હોય ત્યાં જઇને ઉમેદવારોએ ઓનલાઇન અરજી કરી શકશે.**

(ii) લાયકાતો ધરાવતા ઉમેદવારોએ પી.એસ.આઇ., એ.એસ.આઇ. અને કોન્સ્ટેબલ હથિયારી / બિન હથિયારી ની જગ્યાઓ માટે એક જ અરજી પત્રક ભરવાનું રહેશે.

(iii) અરજદારે અરજી કરતી વખતે પોતાની સાથે રંગીન પાસપોર્ટ સાઇઝનો ફોટો, સ્કેન કરવા માટે પોતાની સહી, જરૂરી પ્રમાણપત્રો અને પૂરાવા રાખવા જેથી તેના આધારે જ સાચી માહિતી અરજી માં ભરી શકાય.

(iv) ઓન લાઇન અરજી કન્ફોર્મ કરીને અરજીની પ્રિન્ટ તથા ફી ભરવાના ચલણ ની નકલ કાઢી લેવાની ખાસ કાળજી લેવાની રહેશે. . **અરજી નંબર, કન્ફોર્મેશન નંબર/ જન્મ તારીખ વગેરે જે વેબ સાઇટ પર સુચના હોય તે ઉમેદવારે યાદ રાખવાના રહેશે**. તેમાં ચુક થશે તો જવાબદાર અરજદાર પોતે રહેશે.

(v) પોસ્ટ ઓફિસ ખાતે પરીક્ષા ફી ભર્યા બાદ ૨૪ કલાકની અંદર જો આપના મોબાઇલ ઉપર ફી ભર્યા અંગેનો કોઇ મેસેજ ન આવે તો આપે જે પોસ્ટ ઓફિસ ખાતે ફી ભરેલ છે તે જ પોસ્ટ ઓફિસનો સંપર્ક કરવાનો રહેશે.

૮..... **પરીક્ષા ફી:-**

જનરલ (General) કેટેગીરીના ઉમેદવારોએ નીચે જણાવ્યા મુજબ ફી ઉપરાંત લાગુ પડતા પોસ્ટ ઓફિસના ચાર્જીસ ભરવાના રહેશે. (SC, ST, SEBC અને માજી સૈનિક ઉમેદવારોએ ફી ભરવાની નથી.)

| અ.નં. | કેટેગીરી | સંવર્ગવાર ફીની રકમ | | |
|---|---|---|---|---|
| | | PSI | ASI | PC |
| ૧ | GENERAL | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |

દા.ત. ASI + PC ના સંવર્ગ માટે અરજી કરેલ છે. ૧૦૦ (ASI) + ૧૦૦ (PC) = રૂ. ૨૦૦ ફી ભરવાની રહેશે.

ઉમેદવારો જયારે વેબ સાઇટ ઉપર પોતાની અરજી કન્ફોર્મ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે ઓન લાઇન ઉપલબ્ધ **ચલણની 3 નકલો** એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સૂચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. અરજી કરનાર ઉમેદવારોએ **ચલણની** પૂરી વિગતો ભરી રાજ્યની **કોઇ પણ પોસ્ટ ઓફીસમાં જઇને ફી + પોસ્ટ ઓફિસ ચાર્જીસ ના નાંણા ભરી દેવાના રહેશે. ચલણ ની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલમાં સિક્કા કરી ઉમેદવારને પરત આપશે જે પૈકી એક ચલણની નકલ ઉમેદવારે શારીરિક ટેસ્ટ વખતે કોલ લેટર સાથે અચૂક લાવવાની રહેશે. આ સિવાય ઉમેદવારને ભરતી પ્રક્રિયામાં પ્રવેશ આપવામાં આવશે નહીં અને અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહિ. પોસ્ટ ઓફિસમાં ફી ભરવાની છેલ્લી તા.૧૬/૧૨/૨૦૧૪ (કચેરી સમય સુધી છે)**

ઓન લાઇન અરજી કર્યા બાદ, શારીરિક કસોટી, લેખીત કસોટી અને ઇન્ટરવ્યુ માટેના કોલ લેટર માટે છાપામાં જાહેરાત આપવામાં આવે તે મુજબ ઓન લાઇન વેબ સાઇટ પરથી કોલલેટર ડાઉનલોડ કરી પ્રિન્ટ કરી લેવાના રહેશે. આમાં ચૂક થશે તો જવાબદારી ઉમેદવારની રહેશે.

**વધુ પુચ્છા માટે તા. ૨૧/૧૧/૨૦૧૪ થી તા. ૧૬/૧૨/૨૦૧૪ દરમ્યાન ટોલ ફ્રી નંબરઃ ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ ઉપર સવાર કલાકઃ ૧૦.૩૦ થી સાંજના કલાકઃ ૦૬.૦૦ સુધી પુછપરછ કરી શકાશે.**

| | |
|---|---|
| **(મનોજ શશીધર)** | **( મનોજ અગ્રવાલ )** |
| ઇ.ચા. અધ્યક્ષ, લોકરક્ષક ભરતી બોર્ડ અને | અધ્યક્ષ, પો.સ.ઇ./એ.એસ.આઇ. ભરતી બોર્ડ અને |
| સંયુક્ત પોલીસ કમિશનર, સેક્ટર-૨, | સંયુકત પોલીસ કમિશનર, સેકટર-૧, |
| અમદાવાદ શહેર, અમદાવાદ | અમદાવાદ શહેર, અમદાવાદ. |